# ‘ગઝલ–સુધીર’

–સુધીર પટેલ–

**(૧)**

હોય જે કૈં શક્યમાં મળજો મને,
સાવ પુરા સત્યમાં મળજો મને.

ના રહે અવકાશ કોઈ તર્કનો,
શુદ્ધ એવા તથ્યમાં મળજો મને.

સ્થીર રાખી ચીત્ત હું વીંધીં શકું,
એમ ફરતાં લક્ષ્યમાં મળજો મને !

બસ મળો તો આપણા થૈને મળો
ના કદી પણ અન્યમાં મળજો મને.

કોઈ અંતીમનો નથી આગ્રહ ‘સુધીર’
એ જ ઈચ્છું મધ્યમાં મળજો મને !

**(૨)**

પોતાને બેઠો કરવાની કોશીશમાં છું,
અંદરથી બસ ના ડરવાની કોશીશમાં છું.

મારાથી ગભરાઈને ના ભાગો, લોકો,
ખાલી ખાલીપો ભરવાની કોશીશમાં છું.

દરીયા જેવી જાત હતી પણ ડુબ્યો ના, તો
પગ–હાથ હલાવી તરવાની કોશીશમાં છું !

આજ પતંગીયું ફરક્યું છે મારી પાસે,
આજકાલ હું સુધરવાની કોશીશમાં છું !

આયનો ના ધરજો ખુદને જોવા ‘સુધીર’
આજે ખુદમાં ઉતરવાની કોશીશમાં છું.

(૩)

ઘર તરફ પગલાં થવામાં વાર થોડી લાગશે,
એ ગલીને ભુલવામાં વાર થોડી લાગશે !

કેટલું એણે કહી દીધું રહીને મૌન બસ !
અર્થ એનો કાઢવામાં વાર થોડી લાગશે.

બહુ ફરી લીધું નહીંતર હાથ લઈને હાથમાં,
મન સુધી તો પ્હોંચવામાં વાર થોડી લાગશે.

કેટલી સહેલાઈથી ચાલ્યા ગયા એ તોડીને ?
પુલ પાછો જોડવામાં વાર થોડી લાગશે !

એટલે કરતો રહું છું જાગરણ હવે,
સ્વપ્નને કંડારવામાં વાર થોડી લાગશે.

રાતભર પડખાં ફરો, તાકી રહો છતને ‘સુધીર’
આ ગઝલ અવતારવામાં વાર થોડી લાગશે.

(૪)

લખી મોકલ મને સઘળી ફીકર–ફીરાક ચીઠ્ઠીમાં,
તરત બસ ઓગળી જાશે જીવનનો થાક ચીઠ્ઠીમાં.

તને લાગે બધું લખવા સમું તે ટાંક ચીઠ્ઠીમાં,
ભુલો મારી, ગુના મારા, કહે સૌ વાંક ચીઠ્ઠીમાં.

બધાથી તું છુપાઈ આંખમાં આંજી લેજે,
હશે સુતું સરસ સપનું વચાળે ક્યાંક ચીઠ્ઠીમાં.

અનોખી સાવ શરમાવાની જોઈ મેં અદા તારી,
બધા શબ્દો તું માથે લીટી તાણી ઢાંક ચીઠ્ઠીમાં.

બહુ ભોળી દીસે જ્યારે મળે તું રુબરુ ‘સુધીર’
પરંતુ વાપરે છે શબ્દ બહુ ચબરાક ચીઠ્ઠીમાં.

**(૫)**

અચાનક આવશે કાગળ, તમે બસ સાબદા રે’જો,
ખૂટી જાશે બધા અંજળ, તમે બસ સાબદા રે’જો.

નથી જળ કે પછી મૃગજળ, તમે બસ સાબદા રે’જો,
ન આગળ કે કશું પાછળ, તમે બસ સાબદા રે’જો.

નહીં ફાવે કશીયે કળ, તમે બસ સાબદા રે’જો,
ખરી પડશે બધી અટકળ, તમે બસ સાબદા રે’જો.

ઉઘાડી ભીતરે સાંકળ, તમે બસ સાબદા રે’જો,
સીલકમાં એક કે બે પળ, તમે બસ સાબદા રે’જો.

વધી જાશે શગે ઝળહળ, તમે બસ સાબદા રે’જો,
ઉકેલી સ્વયંના સળ, તમે બસ સાબદા રે’જો.

ગઝલ ‘સુધીર’ વહે ખળખળ, તમે બસ સાબદા રે’જો.
શબદનાં ફોડી શ્રીફળ, તમે બસ સાબદા રે’જો.

**(૬)**

આમ તું દુર ને છતાંયે પાસ છે,
ટેરવામાં સ્પર્શનો અહેસાસ છે.

યાદ આપું તારી કઈ કઈ વાતની ?
વાત તારી તો બધીયે ખાસ છે.

ગણગણું છું નામ તારું એટલે,
આ પવનની શક્તીમાં વીશ્વાસ છે.

એટલે તો ધડકે છે આ દીલ સતત,
ધડકમાં તુજ આગમનનો ભાસ છે.

છંદમાં બાંધી શકું હું ગઝલ, પણ–
હાથમાં તારા, જીવનનો પ્રાસ છે.

(૭)

એમનું અસ્તીત્વ છે સર્વત્ર જુઓ,
એ નહીં તો એમનો છે પત્ર જુઓ.

આમ તો પળપળ થતો વીછીન્ન હું પણ,
આયનામાં હોઉં છું એકત્ર જુઓ.

ફર્ક સૌ સરળતાથી પામી શકશો,
ખુદને જુઓ ને પછી અન્યત્ર જુઓ.

તોય ક્યાં પામી શકો છો ભેદ 'સુધીર' ?
કુદરત તો સાવ છે નીર્વસ્ત્ર જુઓ !

(૮)

જ્યારે સુઝે ના કૈં અક્ષર, મુંગામંતર થઈ જુઓ,
ભીતરથી રણઝણશે જંતર, મુંગામંતર થઈ જુઓ.

પુસ્તક સઘળાં બંધ કરી દ્યો, આંખોને પણ મીંચી દ્યો,
મેળે મેળે મળશે ઉત્તર, મુંગામંતર થઈ જુઓ.

હોય ભલે ના વાદળ, પણ જો તરસ ભીંજાવાની
મનમાં થાશે ઝીણી ઝરમર, મુંગામંતર થઈ જુઓ.

દર્પણ દર્પણ ભટકો નહીં ને બીંબ બધાં ફોડી નાંખો,
ખુદને મળશો ખુદની અંદર, મુંગામંતર થઈ જુઓ.

જળતરંગ માફક ઉઠો ને ત્યાં સુધી પ્હોંચો 'સુધીર'
ખુદ થઈ જાશો સુંદર સરવર, મુંગામંતર થઈ જુઓ.

(૯)

હાથ ફેલાવી અહીં અવકાશ શોધું,
એટલે કે હું મને ચોપાસ શોધું.

એમ કૈં એવું નથી કે ખાસ શોધું,
હું હજી ઝાકળ મઢયું બસ ઘાસ શોધું !

એ છલોછલ પાત્ર લઈ સામે ઉભાં છે,
ને અહીં હું મુળગત પ્યાસ શોધું.

સુર્ય છોને સાંજ ટાણે ઢળતો 'સુધીર'
જાતની સંકોરી શગ, અજવાસ શોધું.

(૧૦)

આળપંપાળથી શું વધુ જોઈએ ?
સાર–સંભાળથી શું વધુ જોઈએ ?

એક પંખીને બસ ચ્હેકવા–ઝુલવા
લીલીછમ ડાળથી શું વધુ જોઈએ ?

આહ્ ને ઉફ્ બધું પળ મહીં ભુલવા
હાથ હેતાળથી શું વધુ જોઈએ ?

આ હૃદયની ધબકને જ ચુકી જવા,
ઉંડી કો' ફાળથી શું વધુ જોઈએ ?

બુંદ ઝાકળનું કે આંસુનું હો 'સુધીર'
રેશમી ઢાળથી શું વધુ જોઈએ ?

(૧૧)

શબ્દને ભુલી ગયાનો વસવસો,
અર્થને ચુકી ગયાનો વસવસો.

પર્ણની પીળાશ બીજું કૈં નથી,
ડાળથી છુટી ગયાનો વસવસો.

એ મળી ચાલ્યા ગયાનો રંજ ના,
યાદને મુકી ગયાનો વસવસો.

છે હજી અકબંધ આ ચહેરો છતાં;
આયનો તુટી ગયાનો વસવસો !

સુચવે શું મૌન કાગળનું 'સુધીર' ?
આ ગઝલ ખુટી ગયાનો વસવસો.

**–સુધીર પટેલ–**

(અમેરીકાનીવાસી **શ્રી સુધીરભાઈ**ના ત્રણ ગઝલસંગ્રહો **'નામ આવ્યું હોઠ પર એનું અને...'**, **'મુંગામંતર થઈ જુઓ'** તથા તાજેતરમાં **'ઉકેલીને સ્વયંના સળ'** પ્રગટ થયા છે.)

**કવીસંપર્કઃ**
**E-Mail:** Sudhir.Patel@flextronics.com
**Sudhir Patel,** 7504 **Double Springs Court, Charlotte, N.C.** 28262 – **USA**

('સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલ–અંકના અતીથી **સંપાદક** અને **સંકલનકાર** સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** ( gaurang_charu@yahoo.com )નો ખુબ આભાર..... **ઉત્તમ ગજ્જર**..)

**'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ 157 – January 18, 2009**

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં સાભાર **અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ** **sunilshah101@gmail.com**

◆●◆

આપને અને આપ મારફત આપના મીત્રોને પણ **લૅક્સીકૉન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

વીશ્વના **18,00,000** જેટલા ગુજરાતી ભાષાપ્રેમીઓએ **http://www.gujaratilexicon.com/** ની અત્યાર સુધીમાં મુલાકાત લીધી છે

આપ સૌના સહયોગ થકી **'સન્ડે ઈ–મહેફીલ'**ના દેશ–વીદેશમાં હજારો વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ–મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો સરળતાથી ડાઉનલોડ કરવા, અમારી વેબસાઈટ **http://gujaratilexicon.com/index.php?action=downloadSeM** પર ક્લીક કરવા વીનંતી.

આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને **શ્રી. વીપુલ કલ્યાણી** તરફથી લંડનથી પ્રકાશીત થતા **'ઓપીનીયન'** માસીકના અંકોની તથા **શ્રી. પ્રવીણ વાઘાણી** 'મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા' તરફથી પ્રકાશીત થતા **'માતૃભાષા'** માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

**Kindly send your suggestions to:**

**Ratilal Chandaria, e-mail: rpchandaria@comcraft.com**
**Ashok Karania, e-mail: ashok@gujaratilexicon.com**

◆●◆

## કરજદાર છીએ !

*ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘેર જજો, જે રીસાય તેને રીઝવજો..*
*ને આ બધું તેમના ભલાને માટે નહીં; પણ તમારા ભલાને સારું કરજો !*
*જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.*

–મો. ક. ગાંધી

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ ચોથું – અંકઃ **157 – January 18, 2009**
'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ **sunilshah101@gmail.com**

◆◆◆ ● ◆◆◆